**તા. ૧૪/૧૧/૨૫ : બાળદિનની ઉજવણી :** ચાચા નહેરુજીનો જન્મ દિવસ તરીકે ઉજવાતા બાળદિનની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓને રમતો, સ્પર્ધા ,ડાન્સ તેમજ શિક્ષકોના હાથે બનાવેલી સુંદર ભેટ આપીને આ દિવસની ઉજવણી કરી હતી. શિક્ષકોએ બાળકોને ચાચા નહેરુ તેમજ બાળદિવસ વિશે માહિતી આપી હતી.





**તા. ૨૦/૧૧/૨૫ : પુસ્તક પ્રદર્શન :** નારાયણ વિદ્યાલય શાળાના ૫ હોલમાં ૩દિવસ માટે પૂર્વ પ્રાથમિક વિભાગથી ધો-૧૨ ગુ. અં. માધ્યમના ૪૫૦૦ પુસ્તકોનુ પ્રદર્શન રાખવામાં આવ્યુ હતું. જેમા પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકો પુસ્તકો વાંચી જોઇ અને પુસ્તક મેળાનો આંનદ અનુભવ્યો હતો.





**તા. ૨૦/૧૧/૨૫ : વન નાઇટ સ્ટે પિકનીક :** નારાયણ વિદ્યાલય શાળાના પ્રટાંગણમાં શિશુ વિભાગના વિદ્યાર્થીઓ માટે એક દિવસ રાત્રી રોકાણ પિકનીકનુ સુંદર આયોજન કરવામા આવે છે. જેમાં તા ૨૦/૧૧/૨૫ શનિવારે બપોરે ૩.૦૦ કલાકે બાળકો શાળાએ આવ્યા. શિક્ષકોએ અવનવી રીતે તેમનુ સ્વાગત કરે છે. ત્યાર બાદ બાળકોને કપ કેક આપી તેમનુ મોં મીઠું કરાવી શિક્ષકો દ્વારા તૈયાર કરેલ બલૂન મેન એકટીવિટી કરાવી જેમા બાળકોને ખૂબજ મજા પડે છે. તેમજ બાળકોને દરેક પ્રકારના ફળની જાણકારી મળે અને દરેક ફળ જાતે જોઇને ખાઇ તે માટે શિક્ષકો બધી જાતના ફળોની સુંદર સજાવટ કરી જેમાથી બાળકોએ જાતે ફળ લઇને ખાવાની રમત રમાડી હતી. સંધ્યા સમયે હનુમાન ચાલીસા, શ્લોક વગેરે કરાવી. સાંજે બાળકોને ટોમેટો સૂપ, વેજીટેબલ રાઇસ, ફ્રાઇમસ આપવામાં આવ્યા. ઘર જેવું જમવાનું મળતા બાળકોને મજા આવી હતી. રાત્રી સમયે ફ્રેન્ચ ફ્રાઇસનો નાસ્તો કરી શિક્ષકો સાથે શાળા હોલમાં આરામથી સૂઇ ગયા હતા.





**તા. ૨૧/૧૧/૨૫, રવિવાર :** વહેલી સવારે શિક્ષકોએ બાળકોને બ્રશ કરાવીને નવડાવ્યાં અને તૈયાર કરી પ્રાર્થના કરાવી. બોર્નવીટા દૂધ, સેવ ખમણીનો નાસ્તો કરાવી, શિક્ષકોએ બાળકો માટે સરપ્રાઇઝ જોકર મેજીક શો કર્યો હતો. મેજીક શો જોઇને બાળકો ખૂબ જ ખુશ થઇ ગયા હતા. ત્યાર પછી બાળકોએ જમ્પિંગમા રમીને આનંદ કર્યો.ત્યાર બાદ બપોરનું ભોજન દાળ, ભાત, પૂરી, શાક, પાપડ, ગુલાબ જાંબુ જેવો શાળાના રસોડામાં બનાવેલ પૌષ્ટિક આહાર જમાડયા પછી બાળકોનાં માતા-પિતા આપેલા સમય પ્રમાણે લેવાં આવ્યાં હતાં.આ સમગ્ર બે દિવસનાં કાર્યક્રમનો હેતુ એ હતો કે, બાળકો એક રાત્રે પોતાના માતા પિતા વગર રહી શકે શિક્ષકોનો આદર કરતા થાય શિક્ષકોને પોતાની માતા જેવો આદર આપતાં થાય તે માટે કરવામાં આવ્યો હતો. અને આ કાર્યક્રમ નક્કી કરેલ સમય પ્રમાણે સુંદર રીતે પૂર્ણ કર્યો હતો.